ક્રમાંક–૧૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**ગુરુવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) ગુરુવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩ અને ૪ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫ થી ૧૯૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ મંત્રી અને વિદ્યમાન સભ્ય સ્વ. ડો. અનિલભાઇ જાલજીભાઇ જોષીયારા તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી સતુભાઇ દેવુભાઇ ઠાકરીયા અને સ્વ. શ્રી મહેશકુમાર કરમશીભાઇ મકવાણાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા, સભ્યશ્રી અમિત ચાવડા, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી રમણલાલ પાટકર, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી પિયુષભાઇ દેસાઇ, શ્રી કિરીટસિંહ રાણા, શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, શ્રી પુંજાભાઇ વંશ અને શ્રી મોહનસિંહ રાઠવાએ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૯ માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક– ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫ અને ૧૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૪. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

ત્યારબાદ સભાગૃહનો વિરામનો સમય થતાં માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ માગણીઓ અને તેના ઉપરની કાપદરખાસ્તો રજૂ થાય ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય લંબાવવાની દરખાસ્ત કરી. જેને વિપક્ષના દંડક ડો. સી.જે. ચાવડાએ સમર્થન કર્યું. તદઅનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો વિરામનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

માગણી ક્રમાંક–૯ ઉપરની બાકી રહેલ કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૫, ૩૯, ૪૦ અને ૪૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૯ માનનીય શિક્ષણ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૪ તથા માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**વિરામ બપોરના ૧૨.૦૪થી ૧૨.૩૦**

વિરામ બાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા( વિપક્ષના નેતાશ્રી) (૭) શ્રીમતી સંગીતાબેન પાટીલ

(૨) શ્રી વિવેકભાઇ પટેલ
(૩) શ્રી મોહનસિંહ રાઠવા
(૪) શ્રી અજીતસિંહ ચૌહાણ
(૫) શ્રી રમણલાલ પાટકર
(૬) શ્રી કનુભાઇ બારૈયા
(૮) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૯) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૧૦) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૧૧) શ્રીમતી ગેનીબેન ઠાકોર

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ વિભાગ તથા વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક – ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૫, ૩૯, ૪૦, ૪૧, ૪૪ અને ૪૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯, ૧૦ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૨૧મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૨૬ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૭મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**